સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કાગડાઓએ કર્યું નક્કી, આંદોલન કરી નાખો!
મારો ચાંચ, રસ્તા બંધથી કાગારોળ કરી નાખો!
'કાગડો' બદલી 'ત્રિશૂળ' રાખી દો નામ જાતનું -
પાંખનો રંગ પણ હવે 'કેસરીયો' કરી નાખો!!
(પ્રાકૃતિક - મૂળ નામો બદલવાનું ચલણ)

હાઈકુ

શહેરો તથા -
રસ્તાનાં નામ પણ -
બદલે રંગ...
(પક્ષ પ્રમાણે)

'મરઘાં' - બોલો,
'કૂકડેકૂક' નહીં -
'જયશ્રી રામ!'
(નહીં તો ડોક મરડાઈ જશે)

ચિંતન

દેવે તીર્થે દ્વિજે મંત્રે દૈવજ્ઞે ભેષજે ગુરૌ ।
યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદૃશી ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

દેવ, તીર્થ, દ્વિજ, મંત્ર, જ્યોતિષી,વૈદ્ય અને ગુરુ એમના બારામાં જેવી જેની શ્રદ્ધા હોય તેવું તેને ફળ મળે :

ગંગા સ્નાનની પાછળ રહેલાં ભાવનાનું મહત્ત્વ છે. ભાવશૂન્ય સ્નાન કેવળ શરીરને સ્વચ્છ કરે જ્યારે ભાવયુક્ત સ્નાન શરીરની જોડે મનબુદ્ધિને પણ વિશુદ્ધ બનાવી જીવનને પાવન કરે.

ગંગા સ્નાનથી મારામાં પાવિત્ર્ય પ્રગટશે જ એવી શ્રધ્ધા સાથે સ્નાન કરવામાં આવે તો એ સ્નાન માણસનાં મનમાં ગંગાના ઉજ્જવળ ઈતિહાસનું સ્મરણ પ્રેરે અને તે સ્મરણ માનવના મનમાં ભાવજાગૃતિ, ઉત્સાહ નિર્મિત કરે તેમજ જ્ઞાનનો પ્રકાશ સર્જે.

ગંગા માનવમાત્રને કર્મયોગનો ચિરંતન સંદેશ આપે છે. દોડતી ઉછળથી, અનંત ગામોને ફળદ્રુપ કરતી, પ્રસન્ન વારિથી યુક્ત એવી એ ગંગા અંતે સાગરમાં ભળી જઈને ભગવાન વિષ્ણુના પગ પખાળે છે. સમર્પણ ભક્તિનો આનાથી શ્રેષ્ઠ બીજો સંદેશ કયો હોઈ શકે? પોતાનું જીવન ભગવાનને ચરણે સમર્પિત કરે તો તે પણ ગંગા જેવો પાવન બની જાય છે.

સુવિચાર

- કઠોરતા કરતા કરોડો ગણી શક્તિ કોમળતામાં છે - **જીવન પાથેય**
- જીવન સાફલ્યની માસ્ટર કી... 'સદ્‌વિચાર' - **એસ. ભટ્ટાચાર્ય**
- જગતમાં ડાહ્યા માણસે જેનો જેની સાથે મેળ હોય,
  તેને જ તેની સાથે જોડવો જોઈએ - **હિતોપદેશ**
- ઈશ્વરને જો બહાર રાખવામાં આવે તો સમજવું કે અંદર કંઈક ખોટું છે - **શીલહિતાશ્રીજી મ.સા.**
- મારા માટે ધર્મ સત્ય છે, મારા માટે અર્થ પ્રેમ છે,
  મારા માટે કામ કરુણા છે,અને મારા માટે મોક્ષ એ ત્રણેયનો સમન્વય છે - **મોરારિ બાપુ**
- બીજાને અગવડરુપ હોય,
  તેવા જીવનના રસ્તા પર પડેલા કાંટા વીણતાં શીખવે એ જ સાચી કેળવણી - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : યકૃતના સોજા પર કુંવારપાઠાનો ગર હળદર સાથે એક ચમચી લેવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બીજા વિશ્વયુદ્ધ પછી એક આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન થયું. અને જેમાં બ્રિટન, ફ્રાંસ, રશિયા અને અમેરિકાના રાજદ્વારીઓ સૌ પરસ્પર સમજૂતિ કરાર કરવા માટે એકત્ર થયા. આ પરિષદમાં જુદા જુદા દેશોએ એક બીજા સાથે સંધિ અને કરારો કર્યા. એ સમયે રશિયા તરફથી સંધિ પર સહી કરવાનું કામ પ્રમુખ જોસેફ સ્ટાલિન કરતા. સ્ટાલિન ક્યારેક જ કરાર બાતે કોઈ દલીલ કરતા. બહુ લાંબી વિચારણા કરવાને બદલે તત્કાલ હસ્તાક્ષર કરી દેતા હતા. સૌ કોઈ સ્ટાલિનના આવા સ્વભાવથી પ્રસન્ન હતા. જયારે બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિત કોઈ પણ સંધિ કે કરારનો એકેએક શબ્દ ચોકસાઈથી વાંચતા. વાકયોમાં કે શબ્દોમાં પણ ફેરફાર કરાવતા હતા. ક્યારેક આમ કરવામાં વાતાવરણ તંગ બની જતું. બીજા પ્રમુખોને લાગતું કે ચર્ચિલ બહુ ચૂંથ કરે છે. અમુક નેતાઓ ચર્ચિલથી નારાજ થતા કે સંધિ કરાર માટે આટલો બધો સમય થોડો લેવાનો હોય ? કોઈક વળી એમ પણ કહેતું કે જોસેફ સ્ટાલિન કેવો ઉમદા સહયોગ આપે છે!! અમેરિકાના પ્રમુખ હેન્રી ટ્રુમેનને પણ ચર્ચિને સમજાવવા માટે ઘણી કશમકશ થતી. પરંતુ ત્રણેક વર્ષનો સમય પસાર થતા હેન્રી ટ્રુમેનને સાચી વાત સમજાઈ ગઈ.ચર્ચિલે જે કોઈ સંધિ કરી હતી એ દરેક ઉપર શબ્દશઃ પાલન કરી રહ્યા હતા જયારે જોસેફ સ્ટાલીને જેના પર ફટાફટ રહીઓ કરી હતી એ બધા સંધિ કરાર થયા પછી એને અભરાઈને ચડાવી દીધા અને એ પોતાની રીતે જ મનફાવે તેમ વર્તવા લાગ્યા હતા.

ઉદ્યોગગૃહોની અનકૂળતા સાચવતું વિકાસલક્ષી બજેટ

તંત્રીસ્થાનેથી...

નિર્મલા સિતારમનને સતત ત્રીજા વર્ષે બજેટ રજૂ કરી નાણામંત્રી તરીકે એમની અનેક સ્તરે ટીકાટિપ્પણીઓ થતી હોવા છતાં પોતે વડાપ્રધાનની ગુડબુકમાં હોવાનું પ્રસ્થાપિત કરી દીધું છે. વળી આ વખતનું બજેટ સોફ્ટ કૉપીમાં રજૂ થયું તે પણ એક સીમા ચિહ્ન રૂપ ઘટના છે. પ્રસ્થાપિત પરંપરા મુજબ ભારે ભરખમ બેગમાં છપાયેલું બજેટ ઊંચકીને લઈ આવવાના દિવસો પૂરા થયા છે એમ પરંપરાગત પદ્ધતિની આવકજાવકના માપદંડો પણ નાબૂદ જ થયાં છે. સરકાર દેવું કરવામાં શરમ નહીં અનુભવે. એ કરદાતાઓ પર બોજ નાખવા કરતાં મિલકતો વેચીને તથા ઘણી સરકારી માલિકીની અસ્કામતોનું પ્રાઈવેટાઈઝેશન કરીને ગાડું ગબડાવવા માગે છે. નાણામંત્રી કે વડાપ્રધાનને માઈનસ જીડીપી માટે કોઈ દોષ આપી શકે એમ નથી. કોરોના સંક્રમણ એમના માટે ઢાલ સમું પુરવાર થયું છે. દુનિયા આખી આર્થિક સંકડાણણ અનુભવી રહી હોય ત્યારે આપણે પણ એવી પરિસ્થિતિમાં મુકાયા હોઈએ એ તો ગામ ભેગું ઘર બળ્યા જેવી બાબત ગણાય. એવા વિશિષ્ટ સંજોગોમાં રજૂ થયેલ બજેટ પણ વિકાસલક્ષી હોઈ શકે છે, એનું આ બજેટ ઉદાહરણ છે. સૌથી વધુ લક્ષ પ્રજાના આરોગ્ય પરત્વે અપાયું છે. વળી ખેડૂત આંદોલનના પ્રભાવ હેઠળ સરકારે ૧૬૫૦૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી એગ્રીકલ્ચર ક્રેડિટ ટાર્ગેટ સંદર્ભે કરીને બજેટને ગ્રામલક્ષી અને ખેતી કેન્દ્રિત દર્શાવવા સફળ પ્રયાસ કર્યો છે. રૂા. ૩૦૫૦૦ કરોડ પાવર સેકટર માટે, રૂા. ૨૮૭૦૦૦ કરોડ જલજીવન અર્બન મિશન માટે અને રૂા.ય ૧૪૧૬૭૮ કરોડ અર્બન સ્વચ્છ ભારત મિશન માટે ફાળવી જન આરોગ્ય પ્રત્યેની નિષ્ઠા દર્શાવી છે. રૂા. ૬૪૧૮૦ કરોડ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજના માટે અને રૂા. ૩૫૦૦૦ કરોડ કોરોના રસીકરણ માટે ફાળવવાથી સ્વાભાવિક રીતે જ બજેટ આરોગ્યલક્ષી બની રહ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પણ ઉડીને આંખે વળગે એ રીતે બજેટમાં કેન્દ્ર સ્થાને રહ્યું છે. વડાપ્રધાનનો શબ્દ એ સરકાર માટે ધ્રુવવચન બની રહે છે. તેઓ પોતે બજેટને 'આત્મનિર્ભર' ભારતના આશાસ્પદ બજેટ તરીકે પોંખી રહ્યા છે. અલબત્ત, તજજ્ઞો આ બજેટમાં સરકાર નવી રોજગારી તકો નથી આપી શકી એથી નિરાશા અનુભવી રહ્યા છે. કૃષિ આરોગ્ય અને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ પેટે પેટ્રોલ અને ડીઝલ પર નાખવામાં આવેલા સેસ મધ્યમ વર્ગ અને નીચલા વર્ગ માટે મોંઘો પડશે તે નક્કી છે. વળી આવકવેરામાં કોઈ રાહત અપાઈ નથી. ફક્ત ૭૫ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝનને ઈનકમ ટેક્સ રિટર્ન ભરવામાં મુક્તિ અપાઈ છે, જે પણ શરતોને આધીન છે. જે ચાર રાજયોમાં ચૂંટણી યોજવાની છે એમને હાઈવે અને રસ્તાઓ માટે અધધધ રકમ ફાળવીને કેન્દ્ર સરકારે રીઝવવાનો પ્રયાસ કર્યો છે. શિક્ષણ પ્રત્યે વિશેષ ધ્યાન અપાયું નથી. એનજીઓ અને પ્રાઈવેટ સ્કૂલો સાથે ભાગીદારી કરી સો સૈનિક સ્કૂલો સ્થાપવાનું આયોજન વિચારાયું છે. લદ્દાખના મુખ્ય શહેર લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત કરાઈ છે, જે જમ્મુ અને કાશ્મીરથી લદ્દાખના અલગ દરજ્જા માટે જરૂરી છે. સરકારી કંપનીઓમાં જવાબદારી ઘટાડવા અને ભાગીદારી મેળવવા સરકાર કૃતસંકલ્પ છે. સંરક્ષણ પાછળ સરકારે ઘણો ખર્ચ કરી ચૂકી છે. અત્યારે સરકારનું ધ્યાન માઈનસ ઈકોનોમી વાળી પરિસ્થિતિમાં પણ વિકાસની વિકાસકૂચ ચાલુ રાખવા પાછળ કેન્દ્રિય થયેલ છે. પ્રાઈવેટાઈઝેશન અને ડિસઈન્વેસ્ટમેન્ટ સામેની વિપક્ષી કાગારોળને અવગણીને સરકારી સંપત્તિ વેચી સાટીને પણ કરદાતા પર બોજરૂપ નહીં બનવાની યોજનાવાળું આ બજેટ પ્રજા માટે એકંદરે રાહત રૂપ ત્યારે જ લાગશે કે જયારે એકસાઈઝ ડ્યૂટીમાં ઘટાડો થતાં કૃષિ સેસ નાખ્યો હોવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઉછાળો નહીં આવે. સોનું સસ્તુ થશે એ આવકારદાયક બાબત છે પણ બીજી તરફ દેશ ઉદ્યોગગૃહોને હવાલે થઈ રહ્યો છે તે ચિંતાજનક ઘટના જ ગણાશે. શેરબજારમાં આવેલ તેજી આખરે તો ઉદ્યોગગૃહોના વિજયની જ ચાડી ખાઈ રહી છે.

આ કંઈ સાધારણ આંસુ ન હતા, પશ્ચાતાપનાં આંસુ હતા

નવાં ક્લેવર
નટવર હેડાઉ

શરદઋતુનો મહિનો અને સાંજનો સમય હતો. ચારેતરફ ધુમ્મસ છવાયેલું હતું. શેખર પોતાના ઘરના ઓરડામાં તાપણી કરી આગની સમીપે આરામદાયક ખુરશીમાં બેસી કપમાં રહેલી ગરમ ચ્હાની ચૂસ્કી લેતાં અગાઉ બની ગયેલી ઘટનાઓ અંગે વિચાર કરતો હતો. ત્યાં બારણે ડોરબેલ વાગી. તે જરા ચિડાઈને ખીજમાં ધુંધવાતો ઊભો થયો અને બારણું ખોલ્યું.

બહાર સામે એક નવયુવાન ઊભો હતો. જેના હોઠ પર હળવું સ્મિત હતું.

યુવાને પૂછ્યું, 'શું તમે આ સંસ્થાના પ્રબંધક રાજશેખર છો?'

'હા' 'સર, મારું નામ તેજસ છે. હું આપની સંસ્થામાં નોકરીની ઓશાએ આવ્યો છું. હું આપને ખાત્રી આપું છું કે સંપૂર્ણ નિષ્ઠાથી હું આપની સંસ્થામાં કામ કરીશ.'

'સારું, પણ....'

'સર, મારી આ અભિલાષાની સાથે મારાં ઘરડાં મા-બાપની આશાઓ જોડાયેલી છે. કૃપા કરી એકવાર મને કામનો મકો આપો.'

શેખરે પેલા યુવાનને ઉપરથી નીચે સુધી જોયો. અને કહ્યું, 'તારું એ કામ નથી.' અને દરવાજો બંધ કરી દીધો.

'કોણ જાણે કેવા કેવા લોકો સવાર સવારમાં આવી જાય છે.' તે મનમાં બબડ્યો.

તે ફરી આરામખુરશીમાં બેસી ગરમ ચ્હાનો સ્વાદ લેવા લાગ્યો. તે દરમિયાન તેને કોઈ અગત્યનું કામ યાદ આવ્યું. તેણે તરત પોતાનો ઓવરકોટ પહેર્યો એ પોતાની બ્રિફકેસમાં જરૂરી ફાઈલો મુકી નીકળી પડ્યો.

ચારેબાજુ સન્નાટો છવાયેલો હતો બહાર ઠંડી પણ વધુ હતી. તેણે ઘડિયાળમાં સમય જોયો અને પછી આગળ વધ્યો, તે વખતે તેને કોઈના પગરવનો અવાજ સંભળાયો. તેણે પાછા વળીને જોયું તો ત્રણ કાળા કોટ પહેરેલ અજાણ્યા વ્યક્તિઓને જોઈ તેનું માથું ફર્યું. તેણે પોતાની ચાલવાની ઝડપ વધારી દીધી. અચાનક પેલા ત્રણે વ્યક્તિઓએ તેની બ્રિફકેસ ખૂંચવી લેવાનો પ્રયાસ કર્યો. શેખર પોતાના બચાવ માટે આજુબાજુના લોકોને બૂમો પાડી બોલાવવા લાગ્યો. તે વખતે એક યુવાન દોડતો આવ્યો. જયારે તેણે લૂંટનું આવું દૃશ્ય જોયું તો તેણે તરત પોતાના મોબાઈલથી પોલીસને જાણ કરી. પેલા યુવાનને જોઈ શેખરનું સાહસ અને હિંમત વધી ગઈ. બંને મળી પેલા બદમાશોને પડકારતાં તેમના વચ્ચે મારમારી સરૂ થઈ ગઈ. તે દરમિયાન શેખરનો પગ લપસી પડ્યો અને તે કપાયેલા ઝાડની જેમ ઢળી પડ્યો. તે વખતે થોડી જ મીનીટમાં પોલીસની બે ગાડીઓ ઘટનાસ્થળે આવી પહોંચી અને ભાગતા બદમાશોને પકડવાની કોશિશ કરવા લાગી.

થોડીવાર બાદ જયારે શેખરને ભાન આવ્યું ત્યારે તે દવાખાનામાં હતો. તેણે વિસ્મયથી ડૉકટરને પૂછ્યું 'હું અહીં કેવી રીતે...?'

ડૉકટરે સહેજ મલકીને કહ્યું, 'તમે રસ્તામાં બેભાન પડ્યા હતા. તમને લઈને એક વીસ-બાવીસ વરસનો યુવાન આવેલો. હવે તમને બિલકુલ સારું છે.'

'પણ એ યુવાન કયાં છે ?' શેખરે ચિંતાભર્યા સ્વરે પૂછ્યું.

ડૉકટર બોલ્યા, 'એ તો એકાદ કલાક પહેલાં જ જતો રહ્યો. તમારી બ્રિફકેસ એ આપી ગયો છે.'

શેખર સમજી ગયો કે આજ પેલા યુવાન છોકરા તેજસે મારો જીવ બચાવી મને માનવતાનો પાઠ ભણાવ્યો છે. તેને પોતાના વર્તનનો ખુબ પસ્તાવો થયો. તેણે આત્મગ્લાનિ થઈ રહી હતી. તેની આંખમાં આંસુ આવી ગયા.

આ કંઈ સાધારણ આંસુ ન હતા. પશ્ચાતાપનાં આંસુ હતા.

કોઈના માંગ્યા વિના મદદ કરીને તેમનું ગૌરવ અને ગરિમા જાળવીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ગુજરાતનાં વિખ્યાત લોકગાયક શ્રી અરવિંદ બારોટ થોડા દિવસો પહેલા અચાનક 'ગાંધીનગર સમાચાર' કાર્યાલયમાં રૂબરૂ મળી ગયા. તે મળ્યા ત્યારે તેમણે એક હૃદયસ્પર્શી પ્રસંગ કહ્યો. ઘણાં વર્ષો પહેલાનો આ પ્રસંગ છે. એક નાના ગામમાં બે મિત્રો રહે. બંને બાળગોઠીયા અને તેમની મિત્રતાનાં લોકો દાખલાઓ આપે. બંનેની મિત્રતા એવી કે દિવસમાં એક વખત તેઓ રૂબરૂ ન મળે તો બંનેમાંથી કોઈને ચેન ન પડે. એ બંને મિત્રોમાં એક પૈસે-ટકે ખૂબ જ સુખી અને ગામનાં પૈસાદાર લોકોમાં તેની ગણના થાય. બીજા મિત્રની આર્થિક સ્થિતી એકદમ સાધારણ. ઘરનાં ગુજરાનમાં તકલીફ નહીં પણ કોઈ મોટા ખર્ચા આવે તો મુશ્કેલી પડે એવી આર્થિક સ્થિતી.

એક દિવસ મોડી સાંજે બંને મિત્રો પેલા પૈસાદાર મિત્રને ઘેર મળ્યા. રોજની જેમ સાથે ચા-પાણી પીધાં અને પછી સાધારણ સ્થિતિવાળા મિત્રએ સંકોચ સાથે પૈસાદાર મિત્રને કહ્યું કે પોતાને એક ખાસ વાત કરવી છે. બીજા મિત્રએ પ્રતિસાદ આપતા ઉત્સાહભેર કહ્યું કે "બોલ બોલ યાર, મુંજાયા વિના જે કહેવું હોય એ કહી દે." પેલા મિત્રએ કહ્યું કે "તને ખબર છે કે મારી દીકરીનાં પંદર દિવસ પછી લગ્ન છે. આમ તો બધી તૈયારીઓ થઈ ગઈ છે, ખરીદીઓ પણ થઈ ગઈ છે, આયોજન પ્રમાણે બધુ થઈ ગયું છે પણ થોડુંક ખૂટે એવું લાગે છે."

બીજા મિત્રએ આશ્વાસન આપતા કહ્યું કે "શું ખૂટે છે એ કહે એટલે ખૂટતું બધુ જ પૂરું કરી દઉં."

પેલા મિત્રએ અચકાતા કહ્યું કે બસ, દસેક હજાર રૂપિયા ખૂટે છે. (એ સમયે દસ હજાર રૂપિયાની રકમ નાની ન ગણાતી)

બીજા મિત્રએ તરત જ તેની પત્નીને સૂચના આપી કે કબાટમાંથી દસ બજાર રૂપિયા આપ. મિત્રની પત્નિ તરત જ રૂપિયા લાવી અને પેલા મિત્રને આપ્યા. પેલો મિત્ર દસ હજાર રૂપિયા લઈને અહોભાવની લાગણી સાથે જતો રહ્યો. પેલો મિત્ર ગયો પછી થોડીવારે બીજા મિત્રની પત્નિએ જોયું તો તેનાં પતિની આંખોમાં આંસુઓમાં હતા. પતિની આંખોમાં આંસુઓ જોઈને પત્નિએ કહ્યું કે તમે મિત્રને મદદ તો કરી તો પછી રડો છો શા માટે?

મિત્રએ તેની પત્નિને કહ્યું કે "મને મારી પોતાની જાત ઉપર ધિક્કાર છૂટે છે. આટલા વર્ષોથી અમે બંને મિત્રો છીએ, અમારી મૈત્રીના લોકો દાખલાઓ આપે છે. મારા મિત્રની દીકરીનાં પંદર દિવસ પછી લગ્ન છે તેની પણ મને ખબર છે આમ છતાં મિત્રને શું ખૂટે છે તેની મને ખબર નહીં તેથી મને મારી જાત પ્રત્યે ધિક્કાર છૂટે છે. આજે મારા મિત્રએ સંકોચ સાથે મારી પાસે મદદ માટે હાથ લાંબો કર્યો તેની મને શરમ આવે છે. મિત્રની મુશ્કેલીની તો મને ખબર હોવી જોઈએ ઉપરાંત મારે સામે ચાલીને તેને મદદ કરવી જોઈએ તેને બદલે મારા મિત્રએ મારી પાસે માંગવું પડયું. આજે એક મિત્ર તરિકે હું નગુણો સાબિત થયો છું તેનું મને દૂઃખ થાય છે ને મારી જાત પ્રત્યે નફરત."

આપણાં રોજ-બરોજનાં વ્યવહારમાં આપણે આપણાં સ્નેહી, સંબંધી અને મિત્રોને કોઈને કોઈ પ્રકારે મદદ કરતાં જ રહેતા હોઈએ છીએ. કોઈપણ પ્રકારે મદદ કરવી આપણાં જીવનની રીત બની ગઈ હોય છે. આપણે મોટાભાગની મદદ એ વ્યકિત આપણી પાસે હાથ લંબાવે, આપણી પાસે મદદ માંગે પછી જ કરતાં હોઈએ છીએ.

ગુજરાતીમાં એવું કહેવાય છે કે 'માંગવુ અને મરવું બંને બરાબર.ત્ત્ર કોઈ પાસે મદદ માંગવી એ કામ સહેલું નથી. દરેક વ્યકિત મદદ માંગી શકતી નથી. કોઈ પાસે હાથ લાંબો કરતાં પહેલા વ્યકિત સો વાર વિચારતી હોય છે. મદદ માંગવામાં વ્યકિતને શરમ અને સંકોચ થતાં હોય છે. મદદ માંગતી વખતે વ્યકિત પોતાનાં સંબંધો અને પોતાનું સ્વમાન દાવમાં મૂકતી હોય છે. ક્યારેક એવું પણ બનતું હોય છે કે જેમની પાસેથી મદદ માંગી હોય એ વ્યકિત તેને અપમાનજનક બે શબ્દો પણ સંભળાવી દે. એવા સંજોગોમાં તેની હાલત વધારે કફોળી બની જતી હોય છે અને એવી લાગણી થતી હોય છે કે "હવે ધરતી મારગ આપે તો તેમાં સમાઈ જાઉં." માંગ્યા પછી મળે તો તે ઠીક પણ ન મળે તો ક્યારેક તેનું જીવતર ઝેર જેવું થઈ જતું હોય છે. માંગી મદદ મળી ગઈ તો ભયો ભયો અને ન મળી તો સ્વમાન તો ધવાય છે સાથે સાથે ક્યારેક સંબંધો પણ.

પોતાનાં મિત્ર પાસેથી પેલા મિત્રએ રૂપિયા દસ હજારની મદદ માંગી એ સમયે કદાચ તેને ગળા સુધી વિશ્વાસ હશે કે પોતાનો બાળપણનો મિત્ર પોતાનો હાથ પાછો નહીં ઠેલે, મિત્ર એક પળનો પણ વિચાર કર્યા વિના મદદ કરવા માટે હાથ લંબાવશે. વાત હતી માત્ર માંગવાની. એવું જ થયું. આમ છતાં મિત્રએ માંગતા પહેલા ઊંડું મનોમંથન કર્યું. હશે. પત્નિની સલાહ લીધી હશે કે માંગવુ કે નહિ. માંગ્યા પહેલા તેણે કદાચ પોતાની જાતને વલોવી નાંખી હશે અને પછી જ માંગવાનો નિર્ણય લીધો હશે. છેવટે તેણે મદદ માંગી અને પોતાની ધારણા પ્રમાણે મદદ મળી ગઈ.

મુશ્કેલીનાં સમયે જરૂરિયાતમંદ સ્નેહી-સંબંધી કે મિત્રની આ પ્રકારની કફોળી પરિસ્થિતીને ટાળવા માટે પેલા પૈસાદાર મિત્ર જેવો અભિગમ જરૂરી બનતો હોય છે, મુશ્કેલીનાં સમયે વ્યકિતને માંગ્યા વિના સામે ચાલીને મદદ કરીએ તો વ્યકિતને સંકોચ અને શરમજનક પરિસ્થિતીમાં ન મુકાવું પડે અને તેમનું સ્વમાન અકબંધ રહે.

શાહુકાર મિત્રને ભલે પહેલેથી જાણ ન હતી કે તેનાં મિત્રને દીકરીનાં લગ્ન માટે કશું ક ખૂટે છે પણ તેને અફસોસ તો થયો જ. આપણાં સ્વજનોની પરિસ્થિતીથી આપણે સતત વાકેફ રહીએ, તેમની જરૂરિયાતો પ્રત્યે થોડું ધ્યાન આપી શકીએ. તેમની મુશ્કેલીઓ વિષે અનુમાન કરી શકીએ અને આપણે જો સક્ષમ હોઈએ તો માંગ્યા પહેલા તેમને મદદ કરી શકીએ તો તેમાં જ આપણી માણસાઈ અને મહાનતા રહેલી છે.

અહી માત્ર નાણાકીય મદદની જ વાત નથી. મદદ કોઈપણ પ્રકારે થઈ શકે છે. કોઈપણ વ્યક્તિને જે કંઈ મદદ કરીએ, માંગ્યા વિના કરીએ તો જ સામેની વ્યક્તિનું ગૌરવ જળવાય છે અને સાથે સાથે આપણી પણ ગરિમા વધે છે.

કોઈના માંગ્યા પછી પણ જો મદદ કરીએ તો એ કર્યા તો ઉમદા છે જ, માંગ્યા વિના કોઈને મદદ કરીએ તો એ કાર્ય દિવ્ય બની જતું હોય છે. માંગ્યા પછી તો સૌ કોઈ મદદ કરે, માંગ્યા પહેલા મદદ કરે એ જ સાચા વિરલા.

જાનહાનિના ડરમાં જીત્યા હવે આર્થિક ક્ષેત્રમાં સફળ થઈએ!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વર્ષ ૨૦૨૦ વિશ્વને પીડા - ભય - ડરની કડવી યાદો આપીને વિદાય થઈ ચૂક્યું છે અને ૨૦૨૧ શરૂ થઈ ગયું છે ત્યારે આપણે એ અવશ્ય કબુલ કરવું પડશે કે ભારત ધારે તે સફળથા ગમે તેટલા વિપરિત સંજોગોમાં પણ પ્રાપ્ત કરી શકે છે! આપણી વિશાળ જનસંખ્યા માટે કોવિડ-૧૯નું રસીકરણ એ મેરા ભારત મહાનની જયોત સમાન છે. ભારતની અંદર આપણી જે મહામારી સંલગ્ન માર્ગદર્શિકાઓ વખતોવખત જાહેર થઈ તેનું પાલન પણ અતિ ઉમદા રહ્યું એવું કહી શકાય. આ ઉપરાંત ભારતના વૈજ્ઞાનિકો અને ફાર્મા કંપનીઓ એ ઘનિષ્ઠ પ્રયાસો કરી વેક્સિનની પાછળ સતત રહીને પ્રજાનાં જીવ સામે કવચ રજુ કર્યું એટલું જ નહિ આપણે નેપાળ, ભૂટાન, મ્યાનમાંર જેવા પડોશી રાષ્ટ્રોને પણ રસી મોકલી. આ જ આપણા રાષ્ટ્રની મોટી-ઓળખ થઈ છે. આપણે જીવો અને જીવવા દોની નીતિમાં શ્રધ્ધા રાખનાર છીએ. અહીં એટલો નીતિનાશ થયો નથી અને હજી દિલમાં ઈશ્વરનો અહેસાસ બહુધા લોકોને છે. સમય કદી એક ધારો જતો નથી. દુઃખ અને અજંપો ગયા બાદ સુખ અને શાંતિની અનુભૂતિ થતી જ રહે છે.

'ખુબ જ સહેલું છે સુખમાં છલકાવું
પણ બહુ જ અઘરું છે દુઃખમાં મલકાવું'

મહામારી કોવિડ-૧૯ સામેની લડાઈ લગભગ એક વર્ષ ચાલી અને હજી પશ્ચિમમાં દેશોમાં તેનો પ્રકોપ ચાલુ છે. સમાજના ઐક્યથી બધી લડાઈ જીતી શકાય છે એ હકિકત છે. ભારતમાં જે કંઈ વાસ્તવિક પીડાઓ ઊભી થઈ તેમાં અન્ય દેશોની જેમ આ મહામારી અને લોકડાઉનના કારણે આર્થિક બરબારી મુખ્ય છે કેમ કે બેરોજગારીનું સર્જન થયું અને તકમાં જે કંઈ કમાઈ લેવાનું વિચાર્યું તેવા લોકોએ પુષ્કળ કમાણી પણ કરી લીધી. રામની જગ્યા હરામ વૃત્તિએ લીધી તેથી આવકની અસમાનતામાં પણ વૃદ્ધિ જોવા મળી. એવું તાજેતરનાં સર્વેમાં નોંધાયું છે. આપદા માનવસર્જીત હોય અને ઘણી વાર કુદરત દ્વારા થઈ હોય પરંતુ એ યાદ રાખવું પડશે કે ઈશ્વર જ અંતે પાલક હોય કે સંહારક હોય છે. બીજી બધા નીમિત્ત માત્ર બનતા હોય છે. ભારતમાં ૧૨ કરોડથી વધુ લોકો એ મહામારીના લીધે રોજગારી ગુમાવી અથવા એમ કહી શકાય. કે ૬૬ % શ્રમિકો બહુ બુરી રીતે પ્રભાવિત થયા છે મુઠ્ઠીભર લોકોની સંપત્તિ ખુબ જ ઝડપથી વધી ગઈ છે !!

મહામારીમાં સરકારે જે કરવું ઉચિત લાગ્યું એ તમામ આયોજન કર્યું અને શક્ય એટલી કાળજી લીધી જેની પ્રશંસા ડબલ્યુએચઓ એ પણ કરી છે! હવે બજેટ આવી રહ્યું છે અને ૨૧મી સદીનું મહામારી પછીનું પ્રથમ બજેટ હશે એ સરકાર માટે અગ્નિ પરીક્ષા સમાન હશે કેમ કે હવે પ્રવૃત્તિઓ ધંધા - ઉદ્યોગો બહુ જ ટ્રેક ઉંમર આવવા લાગ્યું છે પુનઃ માનવ જીવન દોડતું થઈ જશે ત્યારે બજેટથી શું થઈ શકે? એ ધ્યાનમાં રાખી ને કામો થવાનાં છે. પ્રથમ દૃષ્ટિ ન્યુ જોબ ક્રિયેશન, બેન્કોની સધ્ધરતા વૃદ્ધિ એ બીજું લક્ષ્ય હશે. અને સુરક્ષા માટે તો મોદીજી પ્રથમથી જ મુખ્ય અગ્રતા આપી રહ્યા છે કારણ કે ચીન અને પાકિસ્તાન કદી પણ ઉમદા બને તેવું જણાતું નથી અને મહામારીમાં પણ ચીનની નીતિ લેન્ડ ગ્રેબિંગની જ રહી છે!! આતંકવાદના પાયા ઉપર જે રાષ્ટ્ર ટક્યું હોય એ વિકાસની વાત સમજે તેવું માનવું પણ શાણપણ ના કહી શકાય. બેડ બેન્ક સ્થાપવાની વાત પમ રિઝર્વ બેંક કક્ષાએ ચાલી રહી છે. જેનો ઉદ્દેશ એનપીએ કુલ જે છે તેનો ઉકેલ લાવવાની એક નવી સિસ્ટમ ગોઠવવાનો છે. છતાં આ કાયમી ઈલાજ તો નથી. સરકાર વસુલાતના કાનૂનમાં કડક થવા અને સજા કરવા સુધી બધું કરવું પડશે. બેન્કો નબળી પડે તેનું મુખ્ય કારણ એનપીએ સામે કરવી પડતી જોગવાઈઓ મહત્ત્વનું છે. સરકારએ બેન્કો ને વધુ સઘન રીતે પ્રોફેશનલી મેનેજ કરવાના કદમ આજની હવે આવશ્યકતા છે. બજેટની રકમ ફાળવવી એ મહત્વનું હોવા ઉપરાંત એ બજેટ મુજબ નાણા વપરાય તે અત્યંત ઉપયોગી બાબત છે કારણ કે મહામારી બાદ લોકો ને 'કેશ ક્રંચ' નડી રહ્યો છે. પ્રવાહિતાનું અર્થકારણ હંમેશા ઝડપી ગતિથી આગળ વધે છે. માત્ર કરવેરા જ વધ્યા કરે એ નીતિમાં પણ હવે સુધારણા જરૂરી છે. આત્મ નિર્ભર ભારત માટે ઘરેલું બચત, ઘરેલું રોમટિરિયલ, ઘરેલું શ્રમ મહત્વના અને બાહ્ય દેવું પણ કમ - આ બધાનો સારાંશ એટલે ગાંધી બાપુની નીતિનું દેખાવું - લોકોને રાહતરુપ છતા રાષ્ટ્રને સશક્ત કરે તેવા બજેટની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ખરાબ સમયમાં કૃષિક્ષેત્રના લીધે જીડીપીમાં થોડું સારું પરિણામ જોવા મળ્યું હતું. માટે સરકારએ કૃષિ ક્ષેત્રના અજંપાને ઝડપથખી રોકવામાં બધું જ જરૂરી લાગે તે કરવું પડશે સાથે સાથે રાષ્ટ્રના મહાન છે તે બધાને યાદ રાખવું પડશે. મધ્યમ નાના કક્ષાનાં (એમએસએમઈ) એકમો ને કાર્યક્ષમ બનાવવા રોડમેપ બજેટથી તૈયાર કરવા પડશે જે નવી રોજગારની તકોને અમલમાં મૂકી શકે તેમ જણાય છે!

બજેટ બહાર પડે ત્યારે તેની પહેલા આર્થિક સર્વે થયો હોય છે. જેના આધારે કયા ક્ષેત્રમાં કેટલી રકમ કાઢવી તેનો ખ્યાલ આવે છે પરંતુ બજેટ બાત્ર ત્રિમાસીક તેની સમીક્ષા થતી હોય તો ખબર પડે કે ક્યાં સુશાસનનો અભાવ છે!